# ઈયળની વ્યથા

– આર.કે.કુરેશી

ઈયળ એ પણ કુદરતનુ એક સર્જન છે. ઈયળને એક વાર એવો વિચાર આવે છે કે આ જગતની અદર ઈશ્વરે ઘણા સજીવો ઉત્પન્ન કર્યા છે. માનવીઓ, પશુઓ, પક્ષીઓ, જીવજતુઓ. નાના એવા જતુઓમા હુ એક ઈયળ મને જોતા જ લોકો ઘણા કરે ! હુ સીધી પણ નહીં વળી ગયેલી. મારા શરીરમાથી ચીકાસવાળુ પાણી ઝર્યા કરે એ જોઈને બધા મો મચકોડે. મને કુદરતે ન રૂપ આપ્યુ કે ન તો કુદરતે સરસ મઝાની જિદગી આપી છે. હાયરે મારી જિદગી અફસોસ.....અફસોસ

આ સામેથી હાથીભાઈ આવે છે, ઈશ્વરે તેમને કેવી મહાકાય કાયા આપી છે. આ સામે દોડતા હરણાઓને કેવી સરસ મઝાની ઝડપ અને સુદરતા આપી છે. અને આ થબડાક થબડાક કરતા ઘોડા લોકોની કેવી સરસ મઝાની સવારી બને છે.

અને આ હાચી હાચી કરતો ગધેડો મસ્તીમા ફર્યા કરે છે. અને જ્યા ફાવે ત્યા ધૂળમા કે ઉકરડામા મસ્તીથી આળોટયા કરે છે. બધાની જિદગી કેવી સરસ અને મને તો દુઃખ દુઃખ ને દુઃખ જ આપ્યુ.

અફસોસ કરતી ઈયળને જોઈને એક સસલુ ઝાડીમાથી બહાર આવ્યુ ને ઈયળ પાસે આવી કહેવા લાગ્યુ,

‘ઈયળબેન, હુ તમારી વ્યથા સમજી ગયો છુ પરતુ તમારી વ્યથા બરાબર નથી.

ચાલો સામેના રસ્ત હુ તમને દ્રશ્યો બતાવુ તમે વ્યર્થ દુઃખી થઈ રહ્યા છો.’

સસલાની વાત સાભળી ઈયાળ ગડથોલિયા ખાતી રસ્તા પર આવે છે. સસલાભાઈ એક પછી એક દ્રશ્ય જાણે નાટક જોતા હોય તેમ રસ્તા પર બતાવે છે.



સૌ પ્રથમ રસ્તા પરથી હાથીની સવારી નીકળે છે. હાથીપર મહાવત બેઠો હોય છે તે હાથીને હાકતો, હાથીને કાબૂમા રાખવા અકુશ મારતો મારતો હાથીને ચલાવતો હોય છે. હાથી બૂમ બરાડા પાડતો આગળ ચાલતો હોય છે. આ દ્રશ્ય જોઈને

ઈયળના મોમાથી શબ્દો નીકળી પડે છે.

'અરેરે.....બિચારો હાથી !'

ત્યારબાદ એક શિકારી ટોળી હરણનો શિકાર કરીને હરખાતા હરખાતા ચાલ્યા જતા હોય છે. ઈયળના મોમાથી ચિત્કાર નીકળી પડે છે.

'કેવો છે, નિર્દય માનવીઓ, હરણને રામશરણ કરી નાખ્યુ ?

એ પછી ઘોડાગાડી નીકળે છે. ઈયળે જોયુ કે ઘોડાની કાધ પર ચાઠા પડી ગયા છે. અને વળી પાછી લગામ પણ જોઈ, ત્યા તો એક કભાર ગધેડા પર ભાર સહન ન કરી શકે તેટલી માટી પીઠ પર ભરીને મારતો મારતો ગધેડાને હાકતો ડફણા મારતો નીકળે છે. આ બધુ જોઈને ઈયળનુ હૃદય પરિવર્તન થઈ જાય છે. ને સસલાભાઈનો આભાર માને છે.

'સસલાભાઈ, ખરેખર તમે મારા સાચા દોસ્ત છો. મારી આખ ઊઘડી ગઈ છે. ઈશ્વરે સૌન સર્જન યોગ્ય રીતે જ કર્યું છે. દેખાદેખી છોડીને સૌએ નિજમા આત્મસતોષ માનવો જોઈએ.

■